For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# છેલ્લાં 15 વર્ષમાં જાન્યુ.માં ઠંડી ઘટી

**૨૦૧૩માં ૧૧ ડિગ્રીની કડકડતી ઠંડી બાદ ૨૦૨૫માં ૧૫.૫ ડિગ્રી, હવામાનમાં બદલાવના સ્પષ્ટ સંકેત**

સુરત : છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન જાન્યુઆરી મહિનામાં નોંધાયેલા લઘુત્તમ તાપમાનના આંકડાઓ પર નજર કરીએ તો સ્પષ્ટ રીતે જણાય છે કે શહેરમાં કડકડતી ઠંડીનું પ્રમાણ ધીમે ધીમે ઘટતું જઈ રહ્યું છે. વર્ષ ૨૦૧૨થી ૨૦૧૯ દરમિયાન જાન્યુઆરીમાં લઘુત્તમ તાપમાન મોટાભાગે ૧૧ થી ૧૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું, જે તે સમયગાળામાં ઠંડીની તીવ્રતા દર્શાવતું હતું.

વિશેષ કરીને વર્ષ ૨૦૧૩માં લઘુત્તમ તાપમાન ૧૧.૦ ડિગ્રી સુધી ઉતરતાં છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ ઠંડી અનુભવાઈ હતી. ત્યારબાદ ૨૦૧૬ અને ૨૦૧૯માં પણ ૧૧.૫ ડિગ્રી જેટલું ઓછું તાપમાન નોંધાયું હતું, જેના કારણે વહેલી સવારે અને મોડી રાતે કડકડતી ઠંડીનો અહેસાસ થતો હતો. પરંતુ વર્ષ ૨૦૨૦ બાદ સ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ૨૦૨૨માં લઘુત્તમ તાપમાન ૧૩.૪ ડિગ્રી, ૨૦૨૪માં ૧૪.૦ ડિગ્રી અને

...અનુસંધાન પાના 5 પર

### છેલ્લાં ૧૫ વર્ષમાં જાન્યુઆરી મહિનામાં સૌથી લોએસ્ટ નોંધાયેલું લઘુત્તમ તાપમાન

| વર્ષ | તાપમાન | વર્ષ | તાપમાન |
|---|---|---|---|
| ૨૦૧૨ | ૧૧.૬ | ૨૦૧૯ | ૧૧.૫ |
| ૨૦૧૩ | ૧૧.૦ | ૨૦૨૦ | ૧૨.૬ |
| ૨૦૧૪ | ૧૧.૯ | ૨૦૨૧ | ૧૨.૬ |
| ૨૦૧૫ | ૧૨.૮ | ૨૦૨૨ | ૧૩.૪ |
| ૨૦૧૬ | ૧૧.૫ | ૨૦૨૩ | ૧૨.૦ |
| ૨૦૧૭ | ૧૨.૨ | ૨૦૨૪ | ૧૪.૦ |
| ૨૦૧૮ | ૧૨.૮ | ૨૦૨૫ | ૧૫.૫ |
| | | ૨૦૨૬ | ૧૩.૨ |

સુરતમાં જાન્યુ.માં તાપમાન સરેરાશ કરતાં 4 ડિગ્રી વધુ

## રાત્રે ઠંડીનો ચમકારો યથાવત પણ દિવસે ગરમી વધી ગઈ

**રાત અને દિવસ બંનેના તાપમાનમાં વધારો, ઠંડી ગાયબ થઈ ગઈ હોય તેમ અનુભવ**

સુરતઃ સુરત શહેરમાં આજે હવામાનમાં અચાનક ફેરફાર જોવા મળ્યો હતો. સામાન્ય રીતે ઠંડી અનુભવાતી જાન્યુઆરી મહિનામાં આજે શહેરમાં જાણે ઉનાળાની શરૂઆત થઈ ગઈ હોય તેવો માહોલ સર્જાયો હતો.
હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે મહત્તમ તાપમાન એક જ દિવસમાં 3.2 ડિગ્રી

...અનુસંધાન પાના 5 પર

### જાન્યુઆરીના સરેરાશ તાપમાનમાં થયેલો વધારો ચિંતાજનક

હવામાન વિભાગ મુજબ જાન્યુઆરી મહિનાનું સરેરાશ મહત્તમ તાપમાન આશરે 30.8 ડિગ્રી સેલ્સિયસ રહે છે, જ્યારે આજે નોંધાયેલું મહત્તમ તાપમાન 34.8 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. એટલે કે સરેરાશ કરતા પણ લગભગ 4 ડિગ્રી વધારે તાપમાન નોંધાયું હતું, જે ચિંતાજનક ગણાય છે.

## રાજ્યમાં હજુયે 24 કલાક કાતિલ ઠંડી રહેશે, કેશોદમાં 8 ડિગ્રી તાપમાન

ગાંધીનગરઃ રાજ્યમાં પૂર્વીયથી દક્ષિણ - પૂર્વીય પવનની અસરના પગલે ઠંડીનો ચમકારો સ્હેજ નરમ પડયો છે. ખાસ કરીને આજે શુક્રવારે રાજ્યમાં સૌથી વધુ ઠંડી સૌરાષ્ટ્રના કેશોદમાં 8 ડિગ્રી નોંધાવવા પામી છે. જયારે કચ્છના નલિયામાં 9 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. હજુયે આગામી 24 કલાક દરમ્યાન ઠંડીનો ચમકારો રહેશે, તે પછી બહુ ખાસ ફેરફાર તાપમાનમાં થાય તેવી શકયતા નથી. કેશોદમાં ત્રણ ડિગ્રી સુધી ઠંડીનો પારો નીચે ગગડી ગયો હતો. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર , રાજ્યમાં ઉત્તર ગુજરાતમાં તપમાન સામાન્ય કરતાં સ્હેજ ઉપર રહ્યું હતું. જયારે સૌરાષ્ટ્ર - કચ્છમાં

...અનુસંધાન પાના 5 પર




# પતંગની દોરીએ 8 વર્ષના માસૂમનું ગળું કાપી નાંખ્યું !

**જહાંગીરાબાદ વિસ્તારની આનંદવિલા સોસાયટીમાં બાળક સાઈકલ ચલાવી રહ્યો હતો ત્યારે દોરી આવીને તેના ગળામાં ફસાઈ ગઈ**



સુરતઃ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના તહેવારની ખુશીઓ વચ્ચે સુરતમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની છે. જહાંગીરાબાદ વિસ્તારમાં પતંગની જીવલેણ દોરીએ એક 8 વર્ષના નિર્દોષ બાળકનો જીવ લઈ લીધો છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં અરેરાટી વ્યાપી છે.

ઘટનાની વિગતો અનુસાર, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલી આનંદવિલા સોસાયટીમાં અમોલભાઈ બોરસે પરિવાર સાથે રહે છે. અમોલભાઈ હજીરાની એક ખાનગી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 8 વર્ષના પુત્ર રેહાન્સ ધોરણ-3માં અભ્યાસ કરતો હતો. તેના પરિવારનો એકનો એક લાડકવાયો દીકરો હતો. 15 જાન્યુઆરીના રોજ બપોરના સમયે રેહાન્સ પોતાની સોસાયટીના કમ્પાઉન્ડમાં સાયકલ ચલાવી રહ્યો હતો. ત્યારે આકાશમાંથી કપાયેલી પતંગની દોરી લટકતી નીચે આવી અને તેના ગળામાં ફસાઈ ગઈ હતી. બાળકને અંદાજ ન રહેતા આ દોરીએ તેનું ગળું ગંભીર રીતે કાપી નાખ્યું હતું. ઘટનાના સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાઈ આવ્યું છે કે, બાળક નિર્દોષતાથી સાયકલ ચલાવી રહ્યો છે અને અચાનક દોરીના ઘર્ષણથી તે ઢળી પડે છે અને તરફડવા લાગે છે. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ગળાનો ભાગ ઊંડે સુધી કપાઈ ગયો હોવાથી ડોક્ટરો તેને બચાવી શક્યા નહીં. હોસ્પિટલ પહોંચતા પહેલા જ માસૂમે દમ તોડી દીધો હતો. બનાવને પગલે રાંદેર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જોકે બનાવને પગલે નવી સિવિલ હોસ્પિટલ તેમજ સ્મીમેર હોસ્પિટલમાં કોઈ નોંધ કરવામાં આવી નથી.

# બારીનો કાચ ફિટ કરનાર પર જ કાચ પડ્યો, મોત થઈ ગયું

**મૂળ યુપીના રાજકુમારે પાંડેસરાની પુનિત કોલોનીમાં બે દિવસ પહેલા બીજા માળે બારીનો કાચ ફિટ કર્યો હતો**

**ગુરુવારે ગ્રાઉન્ડ ફ્લોર પર બીજું કામ કરતો હતો ત્યારે તે જ બારીનો કાચ તૂટીને તેની પર જ પડ્યો**

સુરતઃ જે ખાદો ખોદે તે પડે તેવી કહેવત તો સાંભળી હતી પરંતુ પાંડેસરામાં જે યુવાને બારીનો કાચ ફિટ કર્યો હતો તે જ યુવાન પર તે જ બારીનો કાચ પડતાં તેનું મોત થઈ ગયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની રાજકુમાર મુન્નાભાઈ મોર્યા (45 વર્ષ) હાલ પાંડેસરા પોલીસ કોલોની પાસે આવેલ પુનિત નગરમાં પરિવાર સાથે રહેતો હતો. રાજકુમાર કાચ ફિટિંગનું કામ કરતો હતો. પિયુષ પોઈન્ટ પાસે આવેલ જલારામ નગરના પ્લોટ નંબર 88માં રાજકુમારનું કામ ચાલતું હતું.

રાજકુમારે બે દિવસ પહેલા ત્યાં બીજા માળે બારીનો કાચ ફિટ કર્યું હતું. તેમજ ગુરુવારે બપોરે તે ગ્રાઉન્ડ ફ્લોર પર બીજું કામ કરી રહ્યો હતો. દરમિયાન બીજા માળે ફિટ કરેલો બારીનો કાચ તૂટીને નીચે પડ્યો હતો.

જ્યાં રાજકુમારને ગંભીર ઈજા અને તેના સહકર્મી પ્રમોદકુમારને સામાન્ય ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ 108 એમ્બ્યુલન્સ મારફતે રાજકુમારને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## અમિતાભ અને અભિષેક બચ્ચને સુરતમાં ક્રિકેટ ટુર્નામેન્ટ માણી



ઇન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગની ગુજરાત વિરુદ્ધ માઝી મુંબઈની મેચ જોવા મુંબઈની ટીમના માલિક અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન શુક્રવારે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં રાતે 8 વાગે પહોંચ્યા હતા. બંને રાત્રે સાડા દસ વાગ્યા સુધી હાજર રહ્યા હતા અને ઈનામ વિતરણ પણ કર્યું હતું. ટુર્નામેન્ટમાં એક વીકમાં બીજીવાર અમિતાભ પોતાની ટીમનો ઉત્સાહ વધારવા સુરતના મહેમાન બન્યા છે. (તઃ હેમંત ડેરે)

# સુરત જિલ્લા યુવા મોરચાના કાર્યક્રમમાં વડીલ નેતાને ‘ઘરડા’ કહેતા વિવાદ

**યુવા મોરચાના નેતા જુબિન પટેલની અસભ્ય ટિપ્પણીથી સંગઠનમાં ગરમાવો**

બારડોલીઃ દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવેલા વડોદરાના સાંસદ અને પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. હેમાંગ જોશીની હાજરીમાં બારડોલી સ્થિત ‘શ્રી કમલમ’ કાર્યાલય ખાતે એક વિવાદ સર્જાયો છે. યુવા શક્તિને સંગઠિત કરવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાના યુવા નેતા જુબિન પટેલ દ્વારા વરિષ્ઠ નેતા માટે વપરાયેલા ‘ઘરડા’ શબ્દને કારણે ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સુરત જિલ્લા ભાજપના માંડવીના એક વરિષ્ઠ મંત્રીને સંબોધતા જુબિન પટેલે મર્યાદા ઓળંગી હતી. જાહેરમાં વડીલ નેતાને ‘ઘરડા’ કહીને અસભ્ય ટિપ્પણી કરતા હાજર કાર્યકરો અને હોદ્દેદારો સ્તબ્ધ

...અનુસંધાન પાના 5 પર

### પ્રશાંત કોરાટના પોતાના પર ફોન આવતા હોવાનો રોફ બતાવ્યો

વિવાદ માત્ર શબ્દો પૂરતો મર્યાદિત ન રહ્યો. અભદ્ર ટિપ્પણી કરનાર જુબિન પટેલ વારંવાર પ્રદેશ ભાજપના નવનિયુક્ત મહામંત્રી અને દક્ષિણ ગુજરાતના પ્રભારી પ્રશાંત કોરાટના પોતાના પર ફોન આવી રહ્યા હોવાનું જણાવી પોતાની નિકટતાનો દેખાડો કરી રહ્યા હતા. કાર્યકરોમાં ચર્ચા હતી કે સંગઠન પદથી ચાલે છે, વ્યક્તિગત વગના પ્રદર્શનથી નહીં.

### ‘એક વ્યક્તિ, બે હોદ્દા’ બાબતે અસંતોષ

સુરત જિલ્લા યુવા મોરચાના પ્રમુખ પદે હોવા છતાં જુબીને પટેલને કામરેજ તાલુકા ભાજપ મહામંત્રીની જવાબદારી સોંપવામાં આવી છે. આવી જ સ્થિતિ બારડોલીમાં પણ જોવા મળી રહી છે. બારડોલી તાલુકા યુવા મોરચાના પ્રમુખ હેમાંશુ પટેલને તાલુકા ભાજપ મહામંત્રી બનાવી દેવાયા છે, જ્યારે બારડોલી નગરમાં યુવા મોરચાના પ્રમુખ નિસર્ગ મહેતાને નગર ભાજપ સંગઠનના મહામંત્રી જેવું મહત્વનું પદ અપાયું છે. પક્ષની આ બેધારી નીતિને કારણે પાયાના કાર્યકરોમાં રોષ જોવા મળી રહ્યો હતો. આ ઘટનાએ પક્ષની આંતરિક નીતિઓ પર પણ સવાલો ઉભા કર્યા છે. સત્તાના વિકેન્દ્રીકરણને બદલે એક જ વ્યક્તિના હાથમાં સત્તાના કેન્દ્રીકરણથી સંગઠનાત્મક સંતુલન બગડતું હોવાનો સૂર ઉઠ્યો હતો.

### મસ્તી મજાકમાં કહ્યું હતુંઃ જુબિન પટેલ

જુબિન પટેલે જણાવ્યું હતું કે, કાર્યક્રમ યુવા મોરચાનો હોય એમને પાછળ બેસવા માટે કીધું હતું. અને ઘરડા તો મસ્તી મજાકમાં કહ્યું હતું. મારો એમનો અપમાન કરવાનો કોઈ ઈરાદો ન હતો.

બજેટમાં આ વખતે 15 ટકા વધીને 4.25 લાખ કરોડ થવાની સંભાવના

# 16મી ફેબ્રુ.થી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર, 17મીએ બજેટ રજૂ થશે

**બજેટ સત્ર 23 દિવસ એટલે કે 25મી માર્ચ સુધી ચાલશે, નાણામંત્રી કનુ દેસાઈ પાંચમી વખત બજેટ રજૂ કરશે**

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આગામી 16 ફેબ્રુઆરીથી બજેટ સત્રની શરૂઆત થશે. રાજ્યપાલના સંબોધન સાથે બજેટ સત્ર શરૂ થશે અને બજેટ સત્ર 25 માર્ચ સુધી ચાલશે. કુલ 23 દિવસના બજેટ સત્રમાં 26 બેઠક મળશે. તા.17મી ફેબ્રુ.એ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ સતત પાંચમી વખત બજેટ રજુ કરશે. રાજ્ય વિધાનસભાના ફેબ્રુઆરી 2026ના મધ્યમાં રજૂ થનારા નાણાકીય વર્ષ 2026-27ના સામાન્ય અંદાજપત્રના કદમાં અંદાજે 15 ટકાનો વધારો જોતાં તેનું કદ 4.25 લાખ કરોડ સુધી પહોંચે તેવી સંભાવના છે. રાજ્યના નાણામંત્રી



કનુભાઈ દેસાઈ નવા વર્ષનું બજેટ રજૂ કરવા જઈ રહ્યાં છે. ગુજરાતનું વર્તમાન નાણાકીય વર્ષનાં બજેટનું કદ 370250 કરોડ જેટલું છે પરંતુ દર વર્ષે થઈ રહેલા વધારાને જોતાં આગામી વર્ષે પણ બજેટના કદમાં વધારો તોળાઈ રહ્યો છે.

ટોચના સૂત્રો 15 ટકા જેટલો વધારો હોવાનો ઈશારો કરી રહ્યાં હોવાથી 55 હજાર કરોડનો વધારો જોવામાં આવી રહ્યો છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં શહેરીકરણનો વ્યાપ ખૂબ ઝડપથી વધી રહ્યો હોવાથી સરકાર ઉપર સંખ્યાબંધ પડકારો છવાયેલા છે. ચાલુ વર્ષે સ્થાનિક સ્વરાજ્યની સંથાઓની ચૂંટણીઓ આવતી હોવાથી નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા કેટલીક જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવશે.રાજ્ય વિધાનસભાના ફેબ્રુઆરી 2026ના મધ્યમાં રજૂ થનારા નાણાકીય વર્ષ 2026-27ના સામાન્ય અંદાજપત્રના કદમાં અંદાજે 15 ટકાનો વધારો જોતાં તેનું કદ 4.25 લાખ કરોડ સુધી પહોંચે તેવી સંભાવના છે. વિધાનસભા સત્રના પ્રથમ દિવસે, તા. 16 ફેબ્રુઆરીએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત વિધાનસભા ગૃહને સંબોધન કરશે. ત્યારબાદ તા. 17 ફેબ્રુઆરી 2026ના રોજ નાણામંત્રી દ્વારા નાણાકીય વર્ષ 2026-27નું રાજ્યનું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે. આ સાથે વર્ષ 2011-12, 2014-15, 2015-16 અને 2018-19ના વધારાના ખર્ચના પત્રકો તેમજ વર્ષ 2025-26ના પૂરક ખર્ચના પત્રકો પણ ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.

# ચિક્કાર સિટી બસમાં મોબાઈલ લૂંટવા ટપોરીઓએ ચપ્પુ મારતાં દોડધામ

**મોબાઈલ સેરવતા એક યુવક જોઈ જતાં ટપોરીઓએ ગુસ્સો કાઢ્યો, ચપ્પુના ઘા ઝીંકી નાસી છૂટ્યા**

સુરતઃ શહેરના ઉધના-ભાઠેના વિસ્તારમાં આજે સવારે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સિટી બસ ડિંડોલીથી સુરત સ્ટેશન જતી હતી તે દરમિયાન તેમાં મુસાફરી કરી રહેલા એક નિર્દોષ યુવક પર ત્રણથી ચાર અજાણ્યા શખસોએ ચપ્પુ વડે હુમલો કરી તેને લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. ભરી બસમાં બનેલી આ ઘટનાને પગલે મુસાફરોમાં ભારે નાસભાગ અને ગભરાટ ફેલાઈ ગયો હતો, આ ઘટનાનો વિડીયો વાયરલ થયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ડિંડોલીથી સુરત રેલવે સ્ટેશન જતી રૂટ નંબર 104ની સિટી બસ સવારે મુસાફરોથી ભરેલી હતી. બસ જ્યારે ભાઠેના નજીક મિલેનિયમ-4 માર્કેટ પાસે પહોંચી ત્યારે ત્રણથી ચાર શખસોએ




બસમાં હાજર એક યુવકનો મોબાઈલ ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો. ઈજાગ્રસ્ત યુવકના જણાવ્યા મુજબ, આ શખસો અન્ય કોઈનો મોબાઈલ કાઢતા હતા જે તેણે જોઈ લીધું હતું. પોતે પકડાઈ જશે તેવા ડરથી ટપોરીઓએ યુવક પર ચપ્પુ વડે હુમલો કરી દીધો હતો. બસ ઉભી રહેતા જ હુમલાખોરો યુવકના પગમાં ચપ્પુના ઘા ઝીંકીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

એક પેસેન્જરે આ વીડિયો બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો. ઉધના પીઆઈએ જણાવ્યું હતું કે તેમણે પણ આ વાયરલ વિડીયો જોઈ તપાસ શરૂ કરી છે. પણ તે કયા વિસ્તારનો છે તેની પુષ્ટિ નથી થઈ અને તેમના પોલીસ સ્ટેશનમાં કોઈ ભોગ બનનાર વ્યક્તિ આવ્યા નથી, આ મામલે કોઈ ફરિયાદ પણ આપી નથી.

## ઘરની પાસે રમતી પાંચ વર્ષની બાળકીને મોપેડ ચાલકે અડફેટે લેતા મોત

સુરતઃ પાલીગામમાં ઘરની પાસે રમતી પાંચ વર્ષની બાળકીને મોપેડ ચાલકે અડફેટે લેતા મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ બિહારના વતની અને હાલ સચિન પાલીગામમાં આવેલ ડીએમ નગરમાં રહેતા બિધુન લોચન મુખિયા ખાનગી કંપનીમાં પટાવાળા તરીકે નોકરી કરી પત્ની તેમજ 5 વર્ષની રીસીતાનું ભરણપોષણ કરે છે. ગત ૫મી જાન્યુઆરીના રોજ સાંજે રીસીતા ઘર પાસે બાળકો સાથે રમી રહી હતી. ત્યારે મોપેડ ચાલકે રીસીતાને અડફેટે લેતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાંથી સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં આજે સવારે રીસીતાનું મોત નિપજ્યું હતું.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

કેમ છે....ભાઈ



શ્રી ગોકુલભાઈ બક્ષી
જન્મ તા.૧૪-૦૧-૧૯૩૫
સ્વ.તા.૧૭-૦૧-૨૦૧૯
“પિતૃ દેવો ભવ :”
ૐ
અસતો મા સદ્ગમય
તમસો મા જ્યોતિર્ગમય
મૃત્યોર્મા અમૃતંગમય !
સમસ્ત પ્રાઈમ બેંક કર્મચારીઓ વતી
“પ્રાઈમ પરિવાર”
Since 2007

ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન,
અ.સૌ. સુવિધાબેન રોહિતકુમાર પંડયા
તા. ૧૩.૦૧.૨૦૨૬ને મંગળવારના રોજ સ્વર્ગવાસ થયા છે.
પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના દિવ્ય અત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના.
પ્રાર્થના સભા
તા. ૧૮.૦૧.૨૦૨૬ રવિવારનાં રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
‘ભરતીયા હોલ ’
BPAH કેમ્પસ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત. મુકામે રાખેલ છે.
(લૌકિક રિવાજ બંધ છે)
સ્વ. સુવિધાબેન રોહિતકુમાર પંડયા
સ્વ. તા. ૧૩.૦૧.૨૦૨૬
લિ.
રોહિતકુમાર બળવંતરાય પંડયા (પતિ)
તુષાર પંડયા (પુત્ર) ડૉ. અમીબાબુ પંડયા (જમાઈ)
રૂપલ પંડયા (પુત્રવધુ) ડૉ. નેહા પંડયા (પુત્રી)
આદિત્ય, આર્યન (પૌત્ર) ડૉ.શૈવી, વિશ્વ (દોહીત્ર)
આદિત્ય ગૃપ પરિવાર

ચરોતરીયા લેઉવા પાટીદાર અવસાન



સ્વ.તારાબેન રણધીરભાઈ પટેલ
સ્વ.તા.૧૩/૦૧/૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે તારાબેન રણધીરભાઈ પટેલ નું તા.૧૩-૦૧-૨૦૨૬ ના રોજ કેનેડા મુકામે દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
: ખાસ નોંધ :
સદ્ગતનું સંયુકત બેસણું રાખવામાં આવેલ નથી. લૌકિક રિવાજ બંધ છે.
: પિયર પક્ષ :
સ્વ.દલપતભાઈ કાનજીભાઈ પટેલ
સ્વ.મગનભાઈ કાનજીભાઈ પટેલ
અને સમસ્ત પરિવાર
મુ.પો.છીણમ, જી.જલાલપોર
: સરનામુ :
૧૪/એ, સંસ્કાર સોસાયટી, ભટાર ચાર રસ્તા, સુરત (હાલ કેનેડા)
મો.નં.
+1 (587) 597 5979 (અજયભાઈ)
98251 16231 (નિરવભાઈ)
લિ. શોકાતુર
સ્વ.નરોત્તમભાઈ ડાહ્યાભાઈ પટેલ
નાનુભાઈ ડાહ્યાભાઈ પટેલ (ચાસવડ)
સ્વ.રણધીરભાઈ નરોત્તમભાઈ પટેલ
સ્વ.હર્ષદભાઈ નરોત્તમભાઈ પટેલ
સ્વ.રોહિતભાઈ નાનુભાઈ પટેલ
સ્વ.કિરણભાઈ નાનુભાઈ પટેલ
અજયભાઈ રણધીરભાઈ પટેલ (કેનેડા)
નિરવભાઈ હર્ષદભાઈ પટેલ
નિતાંત રોહિતભાઈ પટેલ (કેનેડા)
યશ (પૌત્ર) ઋષિ (પૌત્ર) વિરાજ (દોહિત્ર)